# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૮૨૫૧

## સલામી સવારની..

નચાવે આપણી નીતિને, વિદેશી નાથ હોય છે,
કાળાંનાણાંનાં મૂળમાં ય વિદેશી સાથ હોય છે,
ભરે છે બાથ, ડૂબતા નેતા, તરણું પાકિસ્તાન -
ન પકડાતાં ગુન્હામાં વિદેશી હાથ હોય છે..
(પૂર્વાંચલ ખળભળાટ)

## હાઇકુ

મળી રહે છે
મધુ- ગીતી - ભંવરી,
ભમરાઓને..
(નબળી માનસિકતા)

તરાવે બસ,
સૂકી નદીમાં પણ -
ચૂંટણી પ્હેલાં..
(વાહ! મુંગેરીલાલ)

## ચિંતન

**દધિ મધુરં મધુ મધુરં દ્રાક્ષા મધુરા સુધાપિ મધુરેવ ।**
**તસ્ય તદેવ હિ મધુરં યસ્ય મનો યત્ર સંલગ્નમ્ ॥**

‘દહીં મધુર છે, મધ મધુર છે, દ્રાક્ષ મધુર છે અને સુધા-અમૃત પણ મધુર છે જ, પણ જે માણસનું મન જેમાં લાગ્યું છે તેને માટે તે જ પદાર્થ-વસ્તુ-બાબત સૌથી વધારે મધુર લાગે છે.’

જીવનમાં જયાં ‘સમજણ’ છે એકમેકના સ્વભાવ, રસ, પ્રવૃતિના વર્તુળ, સ્તર-શોખ-આદતો-વર્તન-આચરણની સમાનતા હોય ત્યાં, જીવન-સંગીતમાં મધુર સ્વરનું જીવનગાન ગૂંજતું રહે છે, ત્યાં સતત સંવાદ જ હોય, વિવાદ હોતો નથી. તારી ‘હા’માં મારી ‘હા’ જ હોય કારણ પૂછવાનું જ ન હોય.

કેટલાંક બૈરાં કે પતિઓ કોઇની વાતે (પતિ કે પત્ની) સહમત થઇ જ નથી શકતા, વાત પૂરી સાંભળે ન સાંભળે કે તરત બોલ્યાં જ હોય, ‘ઇ’ તમે કયાં છો, ભલે પણ એનાં કરતાં આમ કરો તો બરાબર’ કહી પોતાનો ચણા જેટલો મમરો મૂકી જ દે.

કોઇ પમ પ્રસ્તાવમાં એમનું ‘પછી’ના શ્રી ગણેશ પહેલા જ હોય. નનૈયા-વિરોધ-ઠેલણવૃત્તિ એમનો સ્વભાવ હોય.

એટલે જ માણસનું મન જેમાં લાગ્યું હોય ‘સમસંવેદન’ ધરાવનાર વ્યક્તિ જ એને ‘મધુર’ લાગે છે પછી એ કડવી કે કદરૂપ હોય તો પણ..

## સુવિચાર

- દાનની મોટી ચાદર નીચે આપણે આપણાં અસંખ્ય પાપ છુપાવવાના પ્રયત્ન કરતા હોઇએ છીએ - **બિચર**
- દાતા એના દાનની નહીં પણ એના ભાવથી ઓળખાય - **લેસિંગ**
- આપણે આપણાં સાચાં કામ કરતાં ખોટા કામોનો બચાવ વધારે ઉગ્રતાથી-જુસ્સાથી કરીએ છીએ - **ખલિલ જિબ્રાન**
- માણસો તો ઘણા છે પણ માનવતા તો કોઇ વિરલામાં જ હોય છે - **પ્રેમચંદજી**
- આપણે જીવવા જેટલું જ ખાવું જોઇએ, ખાવા માટે જ જીવતા નથી - **સિસેરો**
- ચિંતાથી લોહીનું, વ્યસનથી ધનનું અને પ્રભુ પ્રત્યે વિમુખતાથી જીવનનું પાણી થાય છે - **ધૂમકેતુ**
- જે નકામી બાબતો જલ્દી ભૂલી જાય છે એની સ્મરણ શક્તિ સારી - **બાયરન**

## બોધ કથા

આપણે પાઠ-પૂજા, જપ-તપ-ધ્યાન-ઉપાસના, વ્રત-અપવાસ કરીએ છીએ. પણ એ દરેક પાછળ આપણા આશય-હેતુ, મતલબ-અપેક્ષાઓ, અલગ-અલગ હોય છે. ‘ઇશ્વર પ્રાપ્તિ’ તો ધ્યેય-હેતુ હોતો જ નથી. કોઇ પોતાની છાપ ‘ભક્ત’ તરીકે ઉપસાવવા ઇચ્છે છે તો કોઇ યોગી બાબા-નામના માટે, કોઇ છૂપી કામના માટે, કોઇ શરીર-વજન ઘટાડવા.. ભગવાન આવા બધાને અંદરથી ઓળખે છે..

એકવાર કેશવચંદ્ર સેન એ ભગવાન સ્વામી રામકૃષ્ણ પરમહંસને પૂછયું, અમે જપ-તપ-ધ્યાન કરીએ છીએ છતાં ઇશ્વરનો ‘સાક્ષાત્કાર’ કેમ થતો નથી?

રામકૃષ્ણએ સ્મિત સાથે જવાબ આપ્યો. જૂઓ તમે નાનું ધાવણું બાળક જોયું છે? તેની મા ઘરના કામકાજમાં પ્રવૃત્ત હોય અને બાળક પોતાના રમકડાંથી રમીને થાકે (સંસારી પોતાની પ્રવૃત્તિથી થાકે-કંટાળેને ભગવાન ને જરાક યાદ કરે એમ) બાળક પણ ખોટો ખોટો ભેંકડો તાણે, મા એના અવાજનો રણકો ઓળખતી હોય છે તરત એના મોઢામાં ‘ચૂસણી’ ડટ્ટો ભરાવી દે છે, બાળક ચૂપ!

જયારે બાળક આવી ચૂસણીઓ (વાસનાઓના) ડટ્ટાથી પણ કંટાળી મોઢામાંથી કાઢીને જોરદાર ચીખે ત્યારે ઉભરાતું દૂધ પણ છોડી મા હાજર થઇ જાય છે.. ‘મા’ તમારા ભેંકડા અને ‘આંક્રદ’ને ઓળખે છે.

# વર્ષોથી ‘ભોજક કલ્ચરલ ગ્રુપ’ દ્વારા જયદેવભાઇનું સમગ્ર કુટુંબ સંગીત ક્ષેત્રે કાર્યરત છે, તેમના બે પુત્રો પૈકી હેમેન્દ્ર ગોધરાની હાઇસ્કૂલમાં, ગિરિરાજ ભાવનગરની મહિલા કોલેજમાં અને લઘુબંધુ ડો. પ્રતાપદેવ જયદેવભાઇની સાથે સંગીત શિક્ષણ આપે છે

## સંગીત જીવાડી જીવતા સંગીતકાર, ગાયક જયદેવભાઇ ભોજક

### મોંઘેરા મોતી

- નટવર આહલપરા



મારી બા નર્મદા, ભણ્યા નહોતા પણ દરબારી રાસડા, માતાજી ગરબા અને ભજન કંથસ્થ, ગાવાનું કહીએ એટલે ગાયા જ કરે! વર્ષ-૧૯૯૬માં તેમણે ગાયેલા રાસડા, ભઝન અને ગરબાની ઑડિયો કેસેટ મેં કરી. જે આજે પણ સાંભણું છું અને તાજો-માજો થઈ જાઉં છું. મેં પણ ભાવનગર, રાજકોટમાં વર્ગખંડમાં પદ, પ્રભાતિયાં, લોકગીત, ભજન, કાવ્ય, ગઝલ અને દુહા ગાઈને ખૂબ આનંદ લીધો છે. હજારો વિદ્યાર્થીઓને લેવડાવ્યો છે. સંગીતના થોડા કાર્યક્રમોનું સંચાલન કર્યું છે. ભૂમિકા એટલે બાંધી છે કે, સંગીતના વરિષ્ઠ આરાધકની મને વંદના કરવાનું અને એમનો પરિચય આલેખવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

ચાર વર્ષ પુર્વે અસ્મિતા પર્વ, મહુવા ખાતે ડૉ. પ્રભાતદેવ ભોજક સાથે પરિચય થયો. પ્રભાતદેવભાઇ, જયદેવભાઈના લઘુબંધુ. સ્નેહની સરવાણી શરૂ થઈ. જયદેવભાઈનો પત્ર મળ્યો. પત્રમાં વિગત આમ હતી : ‘હું ભાવનગરની શામળદાસ કૉલેજમાં ચિત્રકાર ખોડીદાસ પરમાર સાથે ભણતો હતો. સાંજે સોમાલાલ શાહના ચિત્રવર્ગમાં ચિત્રકળા શીખવા જતો હતો. સનાતન, મહિલા વિદ્યાલય, ભો.મ.કૉમર્સ, નંદકુંવરબા કન્યા વિદ્યાલયમાં શિક્ષણકાર્ય કર્યા પછી વર્ષ-૧૯૬૩ થી નિવૃત્તિ સુધી વડોદરા આકાશવાણીમાં મ્યુઝિક પ્રોડ્યુસર તરીકે નોકરી કરી નિવૃત્ત થયો છું.’ શિક્ષણમાં અને લોકોમાં સંગીત વિદ્યા માટે સદ્ભાવ વધે તે માટે મારા ઘેર સંગીત શિક્ષણનું કાર્ય માત્ર સેવાભાવે કરું છું. કવિ દયારામ, ભાલણ, રૂસ્વા મઝલુમી, મીરાંબાઇ, રણજીત પટેલ ‘અનામી’ વ. કવિઓની કેસેટ સીડી બનાવી છે. મારી મુખ્ય પ્રવૃત્તિ જૂના-નવા, જાણીતા-અજાણ્યા કવિઓની રચના સ્વરબધ્ધ કરી વિદ્યાર્થીઓને શિખવું છું. ઉનાળાના વેકેશનમાં સુગમ સંગીત શિક્ષણ શિબિરનું સંચાલન વલસાડ ખાતે જઇ કરું છું.

‘જયાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ’ પંક્તિને મેં સુધારીને બદલી છે હું પણ એમ માનું છું કે, ‘જયાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે ગવાતું ગીત.’ આજે નરસિંહ મહેતા, દયારામના પદો માત્ર રહેવાને બદલે લોકોના કંઠમાં ગુંજે છે. તે સંગીતનો જ મહિમા છે. જૂના કવિઓ ખરેખર કવિઓ ન હતા. તેઓ સંગીતકાર હતા. તેમને ‘કવિ’ નામ આપીને તેમનું બહુમાન કર્યું છે કે અપમાન!! સુરદાસ, મીરાંબાઇ, કબીર, વ. કવિઓ ઉત્તમ ગાયાકો હતા અને મંદિરમાં સંગીત ગાતા હતા. કવિતા તેમના સંગીતની ‘બાયપ્રોડક્ટ’ હતી.

નિખાલસ મનના મનેખ શ્રી જયદેવભાઈ ભોજકને હવે વધુ નજીકથી મળીએ.

તેઓ તા. ૭-૧૨-૧૯૨૯ના રોજ સિધ્ધપુર (ઉ.ગુજરાત) માં જન્મ્યા અને બાલમંદિરનું શિક્ષણ લીધું. બાલશિક્ષણના પ્રણેતા ગીજુભાઈ બધેકા પાસે પ્રાથમિક શિક્ષણ ભાવનગર અને સોનગઢ (સૌરાષ્ટ્ર)માં હાઈસ્કૂલનું શિક્ષણ ૧૯૩૫ થી ૧૯૪૫ ગુરુકુળ હાઈસ્કૂલ - સોનગઢમાં લઇ મેટ્રીક થયા હતા. શામળદાસ કૉલેજ ભાવનગરમાં બી.એ. વીથ હિસ્ટ્રી પૉલિટીક્સનો અભ્યાસ કર્યો. પિતા અને દાદા ભાવનગર રાજયના ગાયક હોવાથી ઘરમાંથી જ સંગીત શિક્ષણ પ્રાપ્ત થયું. સંગીત વિશારદ્ (ફર્સ્ટ કલાસ) થયા. શાસ્ત્રીય સગંત શાળા દ્વારા સંગીત શિક્ષણનું કાર્ય આશરે દશ વર્ષ કર્યું. જેમાં કેટલાક બી.એ. તથા એમ.એ. સંગીત વિષય લેનાર પણ શીખવા આવતા. ૧૯૬૩ થી ૧૯૮૭ સુધી નિમણૂંકથી નિવૃત્તિ સુધી એક જ જગ્યાએ નોકરી કરી. સરકારી નોકરીમાં દર ત્રણ વર્ષે બદલી થાય. પણ અપવાદરૂપ આમ બન્યું હતું. આકાશવાણી દ્વારા સુગમ સંગીત શિક્ષણના પાઠો બ્રોડકાસ્ટ કર્યા. ઓડીશન - સ્વર પરીક્ષા - સમિતિનાં સભ્ય તરીકે કામ કર્યું. ગુજરાતી મધ્યકાલિન કવિઓનાં કાવ્યો તથા જૂના ઢાળોનું સાચવણીની દૃષ્ટિએ રેકોર્ડીંગ કર્યું. જેમાં, જૈન દેશીઓ, પ્રાચીન ભજનો, દયારામ, કરૂણાસાગર, ભાલણ, આનંદધનના જૂના ઢાળોનાં પદો તથા ભૂલાયેલા પદોને અનુકૂળ ઢાળમાં બેસાડી પ્રચલિત કર્યા. દયારામના હોળી ગીતો, ભાલણના રામની બાળલીલાના પદો છોટમ તથા આનંદધન અને મીરાંના પદોનાં રેકોર્ડીંગ કર્યાં. જે ગુજરાતમાં તેમનાં જેટલા કોઈએ કર્યા હોય તેવું જાણમાં નથી. ‘ભજન સંધ્યા’, ‘દયારામના પદો’ નો કાર્યક્રમ ‘ગઝલ સંધ્યા’ નામની પ્રેક્ષકો સમક્ષ કાર્યક્રમ કર્યા. જે ખૂબ જ લોકપ્રિય થયા. સુગમ સંગીત શિક્ષણની ૨૨ કેસેટો ઘેર બેઠા શીખી શકાય. તેવી તૈયાર કરી. રૂસ્વા મજલુમી જેમણે શૂન્ય પાલનપુરી અને અમૃત ઘાયલને ખૂબ ઉત્તેજન આપેલું. તેમની ગઝલો ‘મદિરા’ કેસેટ તથા મ.સ. વિશ્વ વિદ્યાલયના ગુજરાતી વિભાગના વડા શ્રી રણજીત પટેલ ‘અનામી’ની ‘ગીત સુધા’ તથા ‘અનામી ગીત લક્ષ્મી’ એમ બે કેસેટો તૈયાર કરી હતી. આનંદધનના પદોની ચાર કેસેટ જૈન મુનિ શ્રી આચાર્ય શીલચંદ્ર વિજયસુરીજી માટે તૈયાર કરી. કિર્તન કૌસ્તુભ પુષ્ટિ સંપ્રદાયના કિર્તનોની પાંચ કેસેટનો ગુચ્છ આચાર્યશ્રી દ્વારકેશલાલજી માટે તૈયાર કર્યો. ગુજરાતના જૂના - નવા કવિઓની રચનાના કાર્યક્રમો - ગઝલ સંધ્યા, શબ્દની આરપાર ભાગ-૧, ભાવનગર અને ભાગ-૨ વડોદરા રજૂ કર્યો હતો. નિમંત્રિત શ્રોતાની હાજરીમાં કાર્યક્રમો ભાવનગર, વડોદરા, મહેસાણા, ઊંઝામાં કર્યાં. જેનું રેકોર્ડીંગ કેસેટ સ્વરૂપે ગાયક અને ભાગ લેનાર તમામને વિના મૂલ્યે આપી. કાવ્ય - સાહિત્યનો પ્રચાર કર્યો હતો.

ભાવનગરમાં રાજવી સ્વ. વીરભદ્રસિંહજીએ ગ્રામોફોન રેકોર્ડમાં ગાવા માટે ભજનો જયદેવભાઈ પાસે તૈયાર કરાવ્યા. વડોદરાના રાજવી શ્રી રણજીતસિંહજીએ ભક્તિ સંગીતની બે કેસેટો અમદાવાદ અને મુંબઈના સ્ટુડિયોમાં રેકોર્ડીંગ કરાવી. આચાર્ય ચંદ્રગોપાલજીએ ભાગવનના ચાર ગીતોની તથા પુષ્ટિ સંપ્રદાયના સંસ્કૃત સ્તોત્રોની બે કેસેટ તૈયાર કરાવી હતી. પુષ્ટિ સંપ્રદાયના અગ્રણી સંતમાં કવિ ગૌસ્વામી ઈન્દિરાબેટીજી એ તેમનાં પચાસમાં જન્મ દિવસ પ્રસંગે એક જાહેરાત કાર્યક્રમમાં જયદેવભાઈ પાસે પોતાના કાવ્યોનો કાર્યક્રમ રજૂ કરાવ્યો હતો. શ્રી રાજર્ષિ મુનિજી દ્વારા ચાર કેસેટમાં તેમની રચનાઓનું રેકોર્ડીંગનું કામ સોપ્યું. કાંકરોલીના આચાર્યશ્રી દ્વારા વડોદરામાં એક મોટા સમારંભમાં જયદેવભાઈનું શાલ ઓઢાણી જાહેર સન્માન કર્યું.

આચાર્યશ્રી દ્વારકેશલાલજી દ્વારા કલ્યાણરાયજી મંદિરમાં સમારંભ યોજી સન્માન કર્યું. વડોરાના સંગીત ચાહકો તરફથી શ્રી રણજીતસિંહજી ગાયકવાડના હાથે જાહેર સન્માન તથા રૂા. ૫૧,૦૦૧/-થી થેલી અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. તેઓનું વડોદરાના નાયક - ભોજક જ્ઞાતિજનો દ્વારા તેમજ અખિલ ગુજરાતના જ્ઞાતિજનો તરફથી અમદાવાદમાં સન્માન થયું હતું.

જયદેવભાઈ છેક ૧૯૫૦ થી શરૂ કરી આજદિન સુધી શાસ્ત્રીય અને સુગમ સંગીત શિક્ષણ કાર્ય એટલે હાથે કરે છે. જેનો લાભ ઘણા વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ લઈ રહ્યાં છે. શિક્ષણ લેતાં વિદ્યાર્થીને સ્ટેજ પર રજૂ કરવા તથા કેસેટમાં ગાવાનો અનુભવ આપવાનું અતિ ખર્ચાળ કાર્ય પણ તેઓ કરી રહ્યાં છે. ઉપરાંત તેઓ ગુજરાત સુગમ સંગીત ફાઉન્ડેશન દ્વારા વડોદરામાં શિબિર અને ‘સુર સૌરભ’ વલસાડ દ્વારા પ્રત્યેક વર્ષે ઉનાળામાં વલસાડમાં શિબિર, હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી ઉત્તર ગુજરાત દ્વારા ખેરાલુમાં ત્રિ-દિવસીય શિબિર. આ પ્રકારની શિક્ષણ શિબિર દ્વારા માત્ર સુગમ સંગીત જ નહિ, સમગ્ર ગુજરાતમાં ગવાતું તમામ પ્રકારના સંગીતના જ્ઞાનનો ફેલાવો કરી રહ્યાં છે. જે અભ્યાસક્રમ દ્વારા અપાતા શિક્ષણમાં થઈ શક્તું નથી.

આકાશવાણીમાંથી સેવા નિવૃત્ત થયા પછી અંગત ટ્યૂશનો છોડી માત્ર સંગીત સેવામાં જ તેઓ સમય આપે છે. ગુજરાતમાં -

(૧) સુગમ સંગીતની ઉત્ક્રાંતિ
(૨) સુગમ સંગીતની શૈલી
(૩) જૂની ગુજરાતી રંગભૂમિનું સંગીત
(૪) સંગીત વિષે સામાન્ય જ્ઞાનની પુસ્તિકા

આ વિષય ઉપર તેમના પુસ્તકો પ્રકાશિત થયા છે. સંસ્કૃત સ્તોત્રો, સ્તુતિઓ જેવી કે, નર્મદાષ્ટક, રામરક્ષા સ્તોત્ર, મધુરાષ્ટક, યમુનાષ્ટક, શાંત સુધા રસ, (જૈન સ્તોત્રો) ભક્તામર સ્તોત્ર જેવી સંસ્કૃત રચનાઓનો એક નાનો વિદ્વાન વર્ગ છે. તેમને માટે રેકોર્ડીંગ કરવામાં નિવૃત્ત જીવનમાં તેઓ સમય ફાળવે છે.

પ્રસિધ્ધિ અને આર્થિક લાભના લોભમાંથી મુક્ત રહેવાનું તેમને વારસામાં મળ્યું છે.

શ્રી જયદેવભાઈનું શ્રી રણજીતસિંહજી ગાયકવાડના પ્રમુખપણા નીચે રૂપિયા એકાવન હજારના પુરસ્કારથી ઉપરાંત સુગમ સંગીત ફાઉન્ડેશન દ્વારા વડોદરામાં જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. તે વખતે રૂપિયા વીસ હજારની રકમ આપી. તેમનું પુસ્તક ‘ગુજરાતમાં સુગમ સંગીતની ઉત્ક્રાંતિ’ જયદેવનું પુસ્તક ખરીદી વિદ્વાનોને વહેંચ્યું હતું. એક એન.આર.આઈ.એ ભાવનગરની શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય દ્વારા ‘સંભારણા’ નામની શાળામાં ગવાતા ગીતોની સીડીનું લોકાર્પણ તથા ભાવનગરના મહારાજા સાહેબ દ્વારા બહુમાન પણ કરાયું હતું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આપણે જેમ બીજા પાસેથી બે મીઠા વેણ, પ્રોત્સાહનના શબ્દોની અપેક્ષા રાખીએ છીએ તેમ સામા પક્ષે બીજા પણ આપણી પાસે આવી જ હૂંફની આશા રાખતા હોય છે, આ બધું પરસ્પર છે...

## વિચાર યાત્રા

- જય ઓઝા

### મનને કેટલું સારું લાગે!

કોઇક બહારગામ ગયું હોય
અને આપણને આવીને કહે
કે તમે મને યાદ આવ્યા હતા...
તો મનને કેટલું સારું લાગે છે!
આપણે બહારગામ ગયા હોઇએ
અને પાછા આવીએ
ત્યારે કોઇક કહે
કે મને જરાયે ગમતું નહોતું,
તો મનને કેટલું સારું લાગે છે...
સવારે ઊઠીને આપણને કોઇકનો ફોન આવે
અને કોઇક કહે
કે ગઇકાલે મને તમારું સપનું આવ્યું હતું
તો મનને કેટલું સારું લાગે છે...
જીવવા માટે
શબ્દો આટલી હદે સધિયારો બને
એ તો માન્યામાં ન આવે એવી વાત છે

- સુ.દ.

શ્રી સુરેશ દલાલનું આ કાવ્ય હમણાં વાંચવામાં આવ્યું, કાવ્યના શબ્દો ખૂબ જ સરળ છએ, કશું ગૂઢ નથી, સીધેસીધી વાત છે, ડાયરેક્ટ દિલ સે, હૃદય સોંસરવી ઊતરી જાય તેવી સરળ રીતે તેમણે અત્યંત મહત્ત્વની બાબત વ્યક્ત કરી છે...

મનુષ્ય આ સંસારની મેરેથોનમાં દોડવાનું ચાલું કરે છે ત્યારે, વચ્ચે વચ્ચે અલગ અલગ સંબંધોના પડાવ આવતા જાય છે. અમુક સંબંધ બાયડિફોલ્ટ ઉપરવાળાએ આપણી સાથે પાર્સલ કર્યા હો છે... તો વળી કેટલાકની જવાબદારી આપણી પર નાખી હોય છે. ટૂંકમાં દોડતા દોડતા થાકી જઇએ ત્યારે જયાંથી પાછી હૂંફ મળે, સધિયારો મળે, ‘અમે સાથે જ છીએ’ એવી રાહત મળે, આ પડાવ આપણા દરેકના જીવનમાં અગત્યના છે અને આપણે જેમ બીજા પાસેથી બે મીઠા વેણ, પ્રોત્સાહનના શબ્દોની અપેક્ષા રાખીએ છીએ તેમ સામા પક્ષે બીજા પણ આપણી પાસે આવી જ હૂંફની આશા રાખતા હોય છે, આ બધું પરસ્પર છે...

આ પ્રવાસમાં આખરે તેમના આત્મીય જન પાસે અપેક્ષા પણ શું હોય છે? થોડાક લાગણીસભર શબ્દોની... આ થોડાક શબ્દ, વાક્યો, એ લાખો રૂપિયાના પારિતોષિકનું કામ કરતા હોય છે. મનોવૈજ્ઞાનિક ભાષામાં આને સ્ટ્રોક્સ કહે છે...

વળી આમાં મહત્ત્વ એ છે કે આવા લાગણીસભર શબ્દો સમયસર મળવા જોઇએ... જો યોગ્ય સમયે પ્રોત્સાહનના, હૂંફના, પ્રેમના બે શબ્દો ન કહી શકીએ તો સામેવાળાની કેવી કફોળી હાલત થતી હોય છે, તે આપણે બધાએ કયારેકને કયારેક અનુભવ્યું હશે... ઘણા પરિવારમાં પુત્ર એના પિતા પાસેથી જીવનભર ‘શાબાશ દીકરા’ વાક્ય શોધતો ફરતો હોય છે...! સંતાનની કોઇ સિધ્ધિમાં તેની સમયસર પીઠ થાબડવી જો માતા-પિતા ચૂકી જાય તો સમય જતાં આ જ સંતાન મા-બાપને પીઠ બતાવતો થઇ જાય છે...

ઘણા વળી કહેશે કે કોઇના પ્રત્યેની લાગણી, પ્રેમ સંવેદના, એ તો કંઇ થોડી વ્યક્ત કરવાની વસ્તુ છે! સાચી લાગણી તો બોલ્યા વગર પણ વ્યક્ત થઇ જતી હોય છે, આંખોથી જ વાત થઇ જાય છે, એમાં વળી શબ્દોના ગૂંથણની કે શિષ્ટાચારની શી જરૂર! પણ ત્યારે કહેવાનું મન થાય કે જો લાગણી કે સંવેદના માટે આપણી બોડી લેંગ્વેજ જ કાફી હોય તો આટલા અઢળક ફિલ્મી ગીતો, રોમેન્ટીક ડ્યુએટની જરૂર જ ન હોત... મૂંગી ફિલ્મો જ બનતી હોત...

રોજ વ્યક્તિ પોતાના ઘરેથી ઓફિસે અથવા પોતાના કામના સ્થળે જવા નીકળે છે... આ તેનું રૂટિન છે... લગ્ન પછી એક વાતનો ઉમેરો થાય છે, જતી વખતે પૂછવામાં આવે છે : ‘આજે કેટલા વાગે આવશો?’ આટલું વાક્ય તેને આખો દિવસ ફ્રેશ રાખે છે, આખા દિવસની લોકો સાથેની માથા-ફોડી કરીને પણ તેને એક રાહત હોય છે કે ઘરે જશે ત્યારે વળી પાછું એક વાક્ય પૂછાવાનું છે - ‘કેમ આજે આટલું મોડું થયું! આ મીઠી ઠપકો તેના આખા દિવસનો થાક ઓગાળી નાખે છે...’

પણ પછી આ વાત પણ રૂટીન બની જાય છે... રોજ રોજ તો શું કહેવાનું! આવી માનસિકતા થઇ જાય છે... રોજની ઘટના સમય જતા taken for granted થઇ જાય છે... કશુંક ખૂંટતું કે છૂટતું આપણને લાગે છે... પણ સમજ નથી પડતી કે કયાં છૂટી રહ્યું છે...

અભિવ્યક્તિને વ્યક્ત કરવી એ જયારે વેવલાવેડા લાગે ત્યારે એ ખતરાની ઘંટી છે, તેમ સમજવું. તમારે તમારી લાગણીઓ સતત વ્યક્ત કરતા રહેવી આવશ્યક છે... ‘મને કોઇની જરૂર નથી.’ એવા અંહને ફંગોળીને ‘તમારા વિના ગમતું નહોતું’ આ શબ્દો બોલતા થઇએ...

કોઇ આત્મીયજન બહાર ગયું હોય અને પાછા આવે ત્યારે આપણને કહે કે, ‘તમે તો ખૂબ યાદ આવ્યા!’ ત્યારે કેવો આત્મસંતોષ અનુભવાય છે...! આપણાથી દૂર હોવા છતા આપણને કોઇ યાદ કરે રાખતું હોય, અને પાછા આવીએ ત્યારે એ વ્યક્તિ આવું કહે ત્યારે મુસાફરીનો થાક ઉતરી જતો હોય છે...

હવે તો મોબાઇલ આવી ગયા છે, બહારગામ ભલે ને હોઇએ મમ્મીનો, મિત્રનો, પત્નીનો ફોન રણકતો રહે અને આપણે તેમનાથી કેટલાય દૂર ઝૂમતા રહીએ... આપણા અસ્તિત્વની કોઇક બીજાને જરૂર છે... એ વાત વ્યક્ત થાય ત્યારે જિજીવિષા પાછી વધી જાય છે.

પણ આ બધા શબ્દોની જેટલી આપણને જરૂર છે, તેટલી સામેવાળાને પણ છે, એ સમજવું એ પાછી મોટી સમજ છે...

## આજના દિવસનો મહિમા


- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨૧મી ઓગષ્ટ


- મહાન તત્ત્વચિંતક-સાહિત્યકાર, રામનારાયણ પાઠકની આજે પુણ્યતિથિ - ૨૧-૮-૧૯૫૫.

દ્વિરેફના ઉપનામથી, નવલિકાઓ, સ્વૈરવિહારના ઉપનામથી, નર્મ નિબંધો અને ‘શેષ’ ના ઉપનામથી લખેલા કાવ્યો ગુજરાતી સાહિત્યનું અમરત્વ નજરાણું છે. ‘નિત્યનો આચાર’ આજે તરૂણો માટે બાઈબલ સમાન છે.

- પ્રખર સ્વતંત્ર સેનાની શ્રી હંસરાજ ગુંલાટીનું અવસાન - ૧૯૭૬.
- મહાન સંગીતકાર



પંડિત વિષ્ણુ દિગંબર પલુસકરનું અવસાન ૧૯૩૧.



- પદ્યમય ગદ્યના લેખક, લોકસેવક કાકા કાલેલકરનું અવસાન ૧-૧૨-૧૯૮૫.
- ૨૧ હજાર ટન વજનનું દુનિયાનું સૌથી મોટું જહાજ ‘સેડ્રીક’ ૧૯૦૨માં તરતું મુકાયું.

# સમજુ દીપકને સમજાઇ ગયું કે થોડા સમયમાં માલતી પણ આત્મહત્યા કરશે જ, તરત તેણે માલતીનો સંપર્ક કર્યો અને માલતીની બધી વાતો જાણતો હોવા છતાં તેણે માલતી સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું

## આંટીઘૂંટી

- હર્ષદરાય ઉપાધ્યાય

**(વાર્તા)**

વહેલી પરોઢે પોસ્ટ માસ્તર પ્રેમજીભાઇએ ગળે ફાંસો ખાઇ લીધો. પાછળ રડતો રહ્યો પરિવાર. વિધવા બની પત્ની સુધાબેન.

મોરબી નામના નાનકડા શહેરની આ ઘટના પાછળની સાચી હકીકત હંમેશ માટે ખામોશ બની ગઇ.

પ્રેમજીભાઇ ૩૫ વર્ષની ઉંમરે ટ્રાન્ફર થઇ મોરબી પોસ્ટ ઓફિસરમાં જોડાયા. પરિવારમાં એક જ દીકરો. પત્ની સુશીલ સંસ્કારી પરંતુ નિરીક્ષર કહી શકાય એટલું ભણેલી. આ એક જ વાતથી પતિ-પત્ની વચ્ચે વાક્યુધ્ધ ચાલતું જ રહેતું. દીકરો ઉત્તમ શિક્ષણ મેળવવા પરદેશ ગયો.

બંનેને હવે ઝઘડવાનું મોકળું મેદાન મળી ગયું. વાત કયારેક બારીવાટે પડોશમાં પણ પહોંચતી. ઝઘડાથી કંટાળી પ્રેમજીભાઇ કામ ન હોય તો પણ પોસ્ટ ઓફિસે સમય પસાર કરતા.

થોડેક દૂર કોલેજ હતી અને કોલેજમાં ભણતાં ઘણા યુવક-યુવતીઓ ત્યાં અવારનવાર આવતા, માલતી દૂર પોરબંદરની વતની હતી. હસમુખી અને મળતાવડા સ્વભાવને લીધે પ્રેમજીભાઇ સાથે સારો પરિચય કેળવાયો.

પ્રેમજીભાઇ માલતીનાં કામ સત્વરે કરી આપતા, અને મનીઓર્ડર હોય તો રૂબરૂ આપવા જતા, આમને આમ એકબીજાનો પરિચય ગાઢ બનતો ગયો. કયારેક બંને કીટલી ઉપર ચા પીતા નજરે પડતા, મનીઓર્ડર ને વાર હોય તો પણ માલતીને પૈસાનો પ્રશ્ન નડતો ન હતો. કહી શકાય કે વાત આગળ વધી હતી. થિયેટર સુધીના સંબંધોની ઉડતી વાતો સુધાબેનને અકળાવવા લાગી અને વાત વધુ વણસવા લાગી. ધીરે ધીરે બંનેના પ્રેમની વાતો ટોક ઓફ ધ ટાઉન થવા લાગી. બંને લગ્ન કરી ભાગી જશે એ વાત ઉપર શરતો લાગવા લાગી.

માલતીને હવે બહાર જવામાં મુશ્કેલી થવા લાગી. લોકો તેની સામે જોઇ હોઠ વાંકા કરતા, તો કોઇ ટીકા કરતું. “કોઇનું ઘર ભાંગતા શરમ નથી આવતી?” આવું કોઇ કોઇ તો હિંમત કરી કહી પણ નાંખતુ.

પ્રેમ આંધળો હોય છે પણ બહેરો હોતો નથી. માલતીથી હવે જીરવાતું ન હતું. અનેક વખત તેણે પ્રેમજીભાઇને રડતાં રડતાં પોતાના મનની વેદના સમજાવી હતી, અને આમ પણ તેમનાથી આ પરિસ્થિતિ કયાં અજાણ હતી? સમય વધુને વધુ ગંભીર બનતો ચાલ્યો. લગભગ ૧ વર્ષ જેટલો સમય વીતી ચૂક્યો હતો. તેમનો પુત્ર પરદેશથી હવે ગણતરીના દિવસોમાં પરત આવવાનો હતો. અને ત્યારે શી સ્થિતિ થશે તે વિચારે માલતી અને પ્રેમજીભાઇ લગભગ મૂર્છિત જેવાં ભાસતાં હતા.

વહેલી સવારનો સમય હતો. મચ્છુ નદીના પુલ ઉપરથી પસાર થતી એક ટેક્સી ડ્રાઇવરે નદીમાં છલાંગ લગાવતી યુવતીને જોઇ. તરત ટેક્સી અટકી અને તેમાંથી ડ્રાઇવર તથા વિદેશી જેવા દેખાતા યુવાને લગભગ દોટ મુકી.

ઊંડા પાણીમાં ડૂબતી યુવતીને આ યુવકે બચાવી લીધી. થોડી વારે તે ભાનમાં આવી. સમજાવીને તેને ઘેર પરત મોકલી. યુવક ટેક્સી તરફ વળ્યો. આ યુવક એટલે દીપક. પ્રેમજીભાઇનો પુત્ર. અને ડૂબતી યુવતી એ બીજું કોઇ નહીં પણ માલતી હતી. આપઘાતનું કારણ એ હતું કે માલતી બેજીવી હતી. સમાજમાં શું મોં બતાવીશ? એ ભયે તેણે આપઘાતનો પ્રયત્ન કર્યો હતો. પ્રેમજીભાઇ આ મામલાથી માનસિક અસ્થિરતા તરફ સર્યે જતાં હતા. અને વહેલી સવારે તેમણે ગળે ફાંસો ખાઇ લીધો.

સમગ્ર પરિવાર ઉપર આભ તૂટી પડ્યું હતું. સમજુ દીપકને સમજાઇ ગયું કે થોડા સમયમાં માલતી પણ આત્મહત્યા કરશે જ. તરત તેણે માલતીનો સંપર્ક કર્યો અને માલતીની બધી વાતો જાણતો હોવા છતાં તેણે માલતી સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. એક યુવતીનો જીવ બચાવવા દીપકનું આ પગલું કેટલું મોટું હતું? શું તેણે યોગ્ય કર્યું? આજે આ સવાલ ચૂપ છે. પરંતુ પાંચ વર્ષની ‘પ્રેમા’ સાથે બંને આનંદથી જીવન વિતાવે છે. પ્રેમજીભાઇ અને માલતીના નામના અનુસંધાન વાળી ‘પ્રેમા’ ની જીવન સુંદરતાની આપણે પ્રાર્થના કરવી રહી.